# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 27-10-2024** **Midday : 2.30 to 2.35PM**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

*****************************************

*****************************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**PM MANN KI BAAT**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ એરેસ્ટનાં નામે થતી છેતરપિંડી અંગે ચિંતા વ્યક્ત કરી છે. આજે સવારે 'મન કી બાત' કાર્યક્રમમાં રાષ્ટ્રને સંબોધતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, આ પ્રકારનાં ગુનાને ડામવા માટે તમામ તપાસ સંસ્થાઓ રાજ્ય સરકારો સાથે મળીને કામ કરી રહી છે. પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓ માટે સાઇબર ગુનાનો ભોગ બનેલી વ્યક્તિ અને ગુનેગાર વચ્ચેના સંવાદને રજૂ કર્યો હતો. તેમણે લોકોને કોઇને પણ પોતાની વ્યક્તિગત નાણાકીય માહિતી ન આપવા સલાહ આપી હતી અને રાષ્ટ્રીય સાઇબર હેલ્પલાઇન 1930 ડાયલ કરવા અથવા તો cybercrime.gov.in પર આવી ઘટનાની જાણ કરવા સલાહ આપી હતી.

આવતીકાલે વિશ્વ એનિમેશન દિવસ છે, ત્યારે પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, વૈશ્વિક એનિમેશનમાં ભારત નવી ક્રાંતિની દિશામાં આગળ વધી રહ્યું છે. તેમણે લોકોને ભારતને વૈશ્વિક એનિમેશન પાવર હાઉસ બનાવવાનો નિર્ધાર વ્યક્ત કરવા જણાવ્યું હતું. તેમણે ખુશી વ્યક્ત કરી કે છોટા ભીમ, ઢોલકપુર કા ઢોલ અને ક્રિશ્ના, હનુમાન તથા મોટુ-પતલુ જેવી એનિમેટેડ શ્રેણીઓ વિશ્વભરમાં વખણાઇ છે.

આત્મનિર્ભર ભારત અભિયાનને સફળ ગણાવતા ખુશી વ્યક્ત કરતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે આ ઝૂંબેશ રાષ્ટ્રની સામૂહિક ચેતનાનો હિસ્સો બની ગઈ છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, આત્મનિર્ભર બન્યા બાદ ભારત 85 દેશોમાં સંરક્ષણ ઉપકરણોની નિકાસ કરી રહ્યું છે. મન કી બાતમાં શ્રી મોદીએ બહાદુર અને દીર્ઘદ્રષ્ટા એવા બે નાયકો- સરદાર પટેલ અને ભગવાન બિરસા મુંડાનો ઉલ્લેખ કર્યો. તેમણે જાહેરાત કરી કે 31 ઓક્ટોબરથી સરદાર પટેલની, જ્યારે 15 નવેમ્બરથી ભગવાન બિરસા મુંડાની પણ 150મી જન્મજયંતીની ઉજવણી શરૂ થશે.

શ્રી મોદીએ લોકોને લોખંડી પુરુષ સરદાર પટેલ અને ધરતી-આબા બિરસા મુંડા અંગે પોતાનાં વિચારો સામાજિક માધ્યમમાં રજૂ કરવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ આજનાં મન કી બાત કાર્યક્રમમાં સુલેખનનાં વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો,. તેમણે જણાવ્યું કે, આજકાલ જમ્મુ કાશ્મીરમાં સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા સુલેખનનો

ઉપયોગ થઈ રહ્યો છે. શ્રી મોદીએ ફિટ ઇન્ડિયા વિષયનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે લોકોને હેશટેગ ફિટ ઇન્ડિયાનો ઉપયોગ કરીને સામાજિક માધ્યમોમાં પોતાનાં રોજીંદા ફિટનેસની વિગતો રજૂ કરવા જણાવ્યું હતું. 31 ઓક્ટોબરે રન ફોર યુનિટી અંગે તેમણે આ મુજબ જણાવ્યુઃ

(Byte Run for Unity....)

પ્રધાનમંત્રીએ મન કી બાતના શ્રોતાઓને આગામી તહેવારો-ધનતેરસ, દિવાળી, છઠ પુજા અને ગુરુ નાનક જયંતીની શુભેચ્છા પાઠવી હતી.

## CM HOSPITAL INAUGURATION

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમના વિધાનસભા મત વિસ્તાર ઘાટલોડિયામાં મહિલાઓ માટેની વિશેષ ડૉ. રાજગોર મલ્ટી સ્પેશિયાલિટી હૉસ્પિટલનો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ હૉસ્પિટલમાં ઉપલબ્ધ આધુનિક સારવાર સુવિધાઓ અને સ્પેશિયાલિટી રૂમ્સનું નિરીક્ષણ કર્યું હતું. ધારાસભ્ય હર્ષદ પટેલ, જીતેન્દ્ર પટેલ, ડેપ્યૂટી મેયર જતિન પટેલ સહિતના રાજકીય આગેવાનો તેમજ હૉસ્પિટલ કર્મચારીઓ આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા.

## SURAT VOLVO BUS

તહેવારોને પગલે મુસાફરોની સુવિધા જાળવવા માટે રાજ્ય સરકારે વધુ બસો દોડાવવાનો નિર્ણય કર્યો છે. આ દિશામાં આજે સુરતથી સૌરાષ્ટ્રના રૂટ પર નવી દસ વૉલ્વો બસો શરૂ કરાઈ છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નવી દસ અત્યાધુનિક વોલ્વો બસોને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું. આ પ્રસંગે ઉપસ્થિત રાજ્ય વન મંત્રી મુકેશ પટેલે પ્રતિક્રિયા આપતા આ મુજબ જણાવ્યું.

(BYTE - મુકેશ પટેલ, રાજ્ય વન મંત્રી)

## AHMEDABAD GIRL ARCHERY

અમદાવાદ મૂળની અને હાલ છોટાઉદેપુરમાં અભ્યાસ કરતી યુતી મુન્શીએ જિલ્લા અને રાજ્ય કક્ષાની તિરંદાજી સ્પર્ધામાં સુવર્ણ ચંદ્રક જીત્યો છે. ગુજરાત રમત-ગમત સત્તામંડળ દ્વારા ગત 24 અને 25 ઓક્ટોબર દરમિયાન આયોજીત તીરંદાજી સ્પર્ધામાં,

અંડર 14 શ્રેણીમાં ઇન્ડિયન રાઉન્ડ ઇવેન્ટમાં સૌથી વધુ 601 પોઇન્ટ મેળવીને સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કર્યો છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો..

## SAURASHTRA LOKMANTHAN-BHAVANAGAR

ભારતીય વિચારમંચ-ભાવનગર દ્વારા મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વવિદ્યાલય, ભારતીય શોધ સંસ્થાન અને ઓજ ઇન્સ્ટિટયૂટના સહયોગથી આયોજિત બે દિવસીય સૌરાષ્ટ્ર લોકમંથન કાર્યક્રમનું આજે સમાપન થયું છે. આ પ્રસંગે લોકવિદ્યાના જાણકાર ડૉ.બળવંત જાનીએ લોકમંથન વિષે જણાવતા કહ્યું કે લોક મંથન તે સમયની માંગ છે. આપણી સંસ્કૃતિના મૂળ જ્યાં જોડાયેલા છે તેને આપણે સમજવા પડશે અને તેની સાથે ફરી જોડાવું પડશે.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે લોકમંથનના સમાપન દિવસે જાણીતા વાર્તાકાર રામ મોરીએ લોકગીતો અને લોક પરંપરામાં સચવાયેલા આપણા મૂલ્યો અને આ સાહિત્ય દ્વારા તે સમયની વાતો કઈ રીતે કહેવાયેલી છે તેની રસપ્રદ બાબતો પોતાની રસાળ શ્રેણીમાં રજૂ કરી હતી. સમાપન સત્રમાં મહારાજા કૃષ્ણકુમારસિંહજી વિશ્વવિદ્યાલયના કાર્યભરી કુલ સચિવ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## NIMUBEN BAMBHANIYA-LOKARPAN

ભાવનગર મહાનગપાલિકા દ્વારા આજે ભાવનગર શહેરના અંદાજિત ૭ કરોડ રૂપિયાથી વધુના પાંચ કામોનું કેન્દ્રીય રાજ્યકક્ષાના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી તેમજ ભાવનગરનાં સાંસદ સુશ્રી નીમુબેન બાંભણીયા હસ્તે ઈ લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો.

અમારા ભાવનગર જિલ્લાના પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે આ વિકાસ કાર્યોમાં બોર તળાવ ફેઝ ૩ બટરફ્લાય ગાર્ડન બનાવવાના કામ સહિત અન્ય કામોનો સમાવેશ થાય છે.

આ પ્રસંગે મંત્રીએ જણાવ્યું કે ભાવનગર મહાનગરપાલિકા દ્વારા દિવાળીના પર્વ પર લોકોની સુખાકારીમાં અભિવૃદ્ધિ થાય તે માટે આ પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ કરવામાં આવ્યું છે.